# ધોરણ 3 ગૃહકાર્ય

નમસ્કાર શિક્ષક મિત્રો તેમજ બાળ દોસ્તો આ વેકેશન માં સમય નો સદુપયોગ માટે અમે – શિક્ષક  સાગર એપ ટીમ – આપના માટે ઘણી બધી  તૈયારી કરી રહ્યા છીએ અમે આપના માટે પઝલ્સ,  વાર્તાંમ જીલ્લા પરિચય વ્યક્તિ વિશેષ પરિચય, બાળગીત પોથી, અક્ષર સુધારણા અભિયાન, તેમજ અવનવી પ્રવૃતિઓ આપ્નામાતે લાવી રહ્યા છીએ તો આવી તમામ પ્રવૃતિઓ મેળવવા માટે અમારા વોટ્સેપ  ગ્રુપ્મજોઇન થવા માટે અહી ક્લિક કરો

**અહી ક્લિક કરો**

# ધોરણ – ૩ ગૃહકાર્ય

સુજ્ઞ વાલીશ્રી,

આપણે સૌ ઈચ્છીએ છીએ કે આપણું સંતાન સારું જીવન જીવે. સંતાનોના શિક્ષણમાં સહભાગી બની તેના સર્વાંગી વિકાસ માટે તેને મદદ કરીએ. આગામી વેકેશનમાં બાળકોને મોજ, મસ્તી, રમત-ગમતમાં લીન રહેવા દો. સાથે સાથે દરરોજ બે-ત્રણ કલાક વાંચન તથા અભ્યાસ કરાવવામાં આવે તો તેનું શિક્ષણ વેકેશનમાં પણ ચાલતું રહે. વેકેશનમાં નીચે મુજબની પ્રવૃત્તિઓ બાળકોને અવશ્ય કરવા દઈએ અને તેને પ્રોત્સાહન આપીએ...

## અલગ નોટબુકમાં આ ગૃહકાર્ય લખવું.

- દરરોજ સવારે માતા–પિતા અને વડીલોને વંદન કરવું તેમજ પક્ષીઓને ચણ નાખવું.
- દરરોજ રેતીમાં એક ચિત્ર દોરવું અને માતા-પિતાને બતાવવું.
- દરરોજ ગુજરાતી કે પર્યાવરણના એક પાઠનું વાચન કરવું અને દરરોજ એક ફકરો સુંદર અક્ષરે લખવો.
- દરરોજ જમતાં પહેલાં ગાય કે કૂતરાને રોટલો કે રોટલી ખવડાવી તેની ખાવાની રીતનું અવલોકન કરવું.
- કોઈપણ પાંચ વસ્તુ ઉપરથી, સામેથી અને બાજુથી જોતાં કેવી દેખાય તેનું ચિત્ર દોરવું.
- ફાટેલ કે જૂના કાપડમાંથી એક દડો અથવા ઢીંગલી જાતે સોયથી સીવીને બનાવવાં.
- દરરોજ સરવાળા,બાદબાકીના બે-બે દાખલા ગણવા
- એકડી ૧ થી ૫૦૦ (અંકોમાં–શબ્દોમાં) લખવી.
- દરરોજ જોડાક્ષરવાળા પાંચ શબ્દો લખવા અને તેનું વાકય બનાવવું.
- ત્રણ કવિતા, પાંચ ઉખાણાં અને પાંચ જોડકણાં લખવાં અને તૈયાર કરવાં.
- દરરોજ કોઈ એક પ્રાણી, પક્ષી કે વૃક્ષનું નામ લખી તેના વિશે બે-બે વાકયો લખવાં.
- તમારા કુટુંબના સભ્યો અને બધાં સગા સંબંધીઓનાં નામ અને તેઓ સાથે તમારે શું સંબંધ થાય તે લખો.
- પહેલી એબીસીડી બે વખત લખવી.
- ૧ થી ૧૫ના ઘડિયા સીધા, આડા અને ઊંધા લખવા.

વર્ષ 2024-25

shikshansagar.com શિક્ષણ સાગર The King of Education

- અંગ્રેજી અને ગુજરાતી મહિનાનાં નામ બે વખત લખવાં.
- નિબંધ લખોઃ- (૧) ગાય, (૨) ચકલી
- કોઈપણ ૨૦ વસ્તુની લંબાઈ સેમી અથવા મીટર એકમમાં માપીને લખવી.
- નકામા પૂંઠા કે કાગળમાંથી કટીંગ કરીને ભોંયતળિયાની પેટર્ન બનાવવી.
- તમારો અને તમારા મિત્રનો પરિચય લખો.
- માટીમાંથી બે રમકડાં બનાવવાં.
- તમને ગમતી કોઈ એક વાર્તા લખો.
- એક ફળ અને એક શાકભાજીનું ચિત્ર દોરી રંગ પૂરો.
- વેકેશન દરમિયાન કોઈપણ બે વ્યકિતને મદદરૂપ થવું.
- કાગળમાંથી એક વિમાન અને હોડી બનાવો.
- ત્રિકોણ, ચોરસ, લંબચોરસ, પંચકોણ અને વર્તુળ આકારનો ઉપયોગ કરી માણસ કે પ્રાણીની આકૃતિ દોરી રંગ પૂરો.
- કાળા રંગના બીજવાળા ફળ અને શાકભાજીનાં દસ-દસ નામ લખો.
- વેકેશન દરમિયાન ઘરના આંગણે કે ખેતરમાં એક વૃક્ષ વાવવું અને તેનો ઉછેર કરવો.
- તમને ગમતા વૃક્ષના પાંચથી દસ ઉપયોગો લખવા.